ભાતૃભાવથી કરેલી સેવા કરતાં આત્મભાવથી કરેલી સેવા ઉત્તમ છે
- રામકૃષ્ણ પરમહંસ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૧ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૨, રવિવાર; નિજ ભાદરવા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

તલાટીઓ માટે મહત્ત્વની જાહેરાતના સંકેત

આજે મહાત્મા મંદિર ખાતે ગ્રામ પંચાયતોના તલાટી કમ મંત્રીઓની કાર્યશિબિર દરમિયાન

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વધારાની સેવાઓ માટે વિશેષ ભથ્થાંની જાહેરાત કરે તેવી સંભાવના

ગાંધીનગર, તા.૨૯

ગ્રામ પંચાયતના મંત્રીઓને તેમની સેવાઓ ઉપરાંતની તેમની પાસેથી લેવામાં આવતી સેવાઓ અંગે વિશેષ ભથ્થુ આપવા સહિત કેટલીક મહત્વની જાહેરાતો આજે મહાત્મા મંદિર ખાતે પંચાયત મંત્રીઓની કાર્યશિબિર દરમિયાન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી કરે તેવી સંભાવનાઓ છે.

પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિની ઉજવણીના ભાગરૂપે આજે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે ગ્રામ પંચાયતોના પંચાયત મંત્રીઓની એક કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યશિબિરમાં રાજયના ૧૦હજાર જેટલા ગ્રામ પંચાયતોના પંચાયતમંત્રીઓ હાજર રહેનાર હોઈ તંત્ર દ્વારા તે અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ કાર્યશિબિરમાં ગ્રામ વિકાસની યોજનાઓ ઉપરાંત આરોગ્યની સેવાઓ તેમજ રાજય સરકારે અમલમાં મુકેલ રૂર્બન પ્રોજેકટ સહિત કેટલીક મહત્વની યોજનાઓ અંગેની વિગતવાર સમજ આપવામાં આવનાર છે.

રાજય સરકાર દ્વારા આ કાર્યશિબિરમાં પંચાયતના તલાટીઓ પાસે તેમની સેવાઓ ઉપરાંતની વધારાની સેવાઓ જે લેવામાં આવે છે તે અંગે વિશેષ ભથ્થુ આપવાની માંગણી ઘણા સમયથી પડતર છે તે અંગે આજે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી વિશેષ જાહેરાત સાથે અન્ય કેટલીક મહત્વની જાહેરાતો પણ ગ્રામ વિકાસને લગતી કરી તેવી સંભાવનાઓ છે. ખાસ કરીને દ્વિનોંધી નામા પધ્ધતિના અમલીકરણને લઈ પણ આ કાર્યશિબિરમાં મુખ્યમંત્રીશ્રી દ્વારા મહત્વની જાહેરાત કરવામાં આવે તેવી શકયતાઓ છે. આ નવી નામા પધ્ધતિને કારણે પંચાયતના વહીવટની પારદર્શિતામાં વધારો થશે.

મળતી વિગતો મુજબ પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતિની ઉજવણી નિમિત્તે રાજય સરકાર દ્વારા અત્યાર સુધી ૮૦ હજાર જેટલા પંચાયતના પદાધિકારીઓના સન્માન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત આ માસ દરમિયાન સરપંચોનું પણ એક મહાસંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં મુખ્યમંત્રીશ્રીએ સરપંચોને આપવામાં આવતા સરભરા માટેના ભથ્થાની રકમમાં કરાયેલા વધારાને પગલે પંચાયત મંત્રીઓને વિશેષ ભથ્થાની પણ જાહેરાત કરવામાં આવે તેવી શકયતાઓ છે.

સચિવાલયના ઉચ્ચ સનદી અધિકારીઓમાં નજીવા ફેરફાર

ગાંધીનગર, તા. ૨૯

રાજય સરકારે પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી આર.એમ. પટેલના સ્વૈચ્છીક નિવૃત્તિના નિર્ણયને માન્ય રાખતાં ચાર જેટલા સનદી અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.

ઓડાના વહીવટીય અધિકારી શ્રીમતિ મમતા વર્માને વાણિજ્યવેરા કમિશનર તરીકે અને વાણિજ્યવેરા કમિશનર ડી. થારાને ઓડાના વહીવટીય અધિકારી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

અધિક મુખ્ય સચિવ શ્રી આર.એમ. પટેલ નિવૃત્ત થતાં પંચાયત વિભાગના સચિવ તરીકે શ્રી પી.કે. પરમારને તથા આદિ. જાતિ વિકાસ વિભાગના સચિવ તરીકે શ્રી ભાગ્યેશ જહાને વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

સે. ૧ થી પના મિલ્કતવેરાના બિલોની મુદતમાં વધારો કરાયો

જાહેર હિતમાં ૪-૧૦-૨૦૧૨ના સુધી મુદત લંબાવવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કત વેરાની વસુલી માટે સે. ૧ થી પના રહીશોની બિલ ભરવાની મુદતમાં વધુ એક વખત વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આજે સાંજે સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ સને-૨૦૧૧-૧૨ તથા ૨૦૧૨-૧ ઉના મિલકત વેરાના બીલો આકારણીના નિયમો મુજબ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેક્ટર-૧ થી પના રહેવાસીઓને મોકલવામાં આવેલ. મિલકત વેરાના બિલોના નાણાં સ્વીકારવાની છેલ્લી તારીખતા. ૩૦-૯-૨૦૧૨ રાખવામાં આવેલ હતી. પરંતુ વેરાના નાણાં ભરવાના ઘસારા તથા લોકલાગણીને ધ્યાને લઈ મિલકતવેરો ભરવાની છેલ્લી તારીખ : ૪-૧૦-૨૦૧૨ના સુધી આથી જાહેર હીતમાં લંબાવવામાં આવેછે. આતારીખ સુધી નાણાંભરનાર પાસેથી નોટીસ ફીના રૂપિયા બે વસુલ કરવામાં આવશે નહી.

ધોળાકુવા પાસે ગણેશ વિસર્જન પ્રસંગે યુવાનનું નદીમાં ડૂબી જવાથી મૃત્યું

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક ધોળાકૂવા પાસે પસાર થતી સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન માટે કલોલથી ભક્તોનું ટોળુ આવ્યું હતું. મોડી સાંજે વિસર્જનના ઉન્માદમાં રહેલા ૧૮ વર્ષીય કલોલ શહેરના મોન્ટુગીરી ગોસ્વામી નામના યુવાનનો નદીમાં અચાનક પગ લપસી જતા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો.

યુવાનનો મૃતદેહ સેક્ટર-૭ પોલીસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. આ બનાવ અંગે સેક્ટર-૭ પોલીસમથકના જમાદાર બળદેવભાઈએ અકસ્માત મોતનો ગુનો દાકલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

ICC WORLD TWENTY20 SRI LANKA 2012
ENJOY BIG SCREENING OF WORLD CUP T20 CRICKET MATCH
IND V/S PAK
WITH UNLIMITED BUFFET DINNER AT RS. 250/- ONLY
DATE:-30/09/2012, SUNDAY
VENUE: - INFOCITY CLUB LAWNS • TIME: - 7 PM SHARP
FOR RESERVATIONS: 079 23213111/22/33
CALL : 99798 89377

સુરાંગન ગરબા ક્લાસીસ
સ્પે. ફાસ્ટ્રેક નવરાત્રી બેચ
સેક્ટર-૨૧, સૌરાષ્ટ્ર ફરસાણની સામે, ગાંધીનગર
તુષાર શર્મા-૯૯૨૫૪૫૨૨૬૩
વિપુલ ડોડિયા-૯૮૯૮૦૫૨૯૮૪

દિવાળી પ્રવાસો
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - એસ્સેલવર્લ્ડ
દિ-૮, P.P. 8500/-
૬.તા. ૯, ૧૨, ૧૪, ૧૭, ૨૦/૧૧/૨૦૧૨
હુલ્લુ-મનાલી-સિમલા અમૃતસર-દિલ્હી
દિ-૧૧, P.P. 13000/-
૬.તા. ૧૮/૧૧/૨૦૧૨
૨x૨ બસ, ડિલક્ષ હોટેલ ગુજરાતી/જૈન ભોજન
અમી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
મો. : ૯૧૭૩૫૧૦૦૩૮

ભારતભરના હેન્ડલૂમની વિવિધ કલાકૃતિઓ....
NATIONAL Handloom Expo'12
30-9-12 to 14-10-2012
સંસ્કાર કેન્દ્ર, પાલડી, અમદાવાદ
ગુજરાતની સિંગલ કલર પટોળા સાડી, ભારૂ કચ્છ, હોલરીક, ચાંદર અને દુપટ્ટા, તાંગલીયા પરંપરાગત શાલ, ડ્રેસ મટીરીયલ, ઉત્તરપ્રદેશની બનારસી સાડી, તામલનાડુ સિલ્કવર્ક, ડ્રેસ મટીરીયલ, મલ્ટ પ્રદેશની સંદેરી સાડી
રાજસ્થાનની કોટા-કોસેલ સાડી, મધ્યપ્રદેશ-ચંદેરીની સિલ્ક સાડી, કર્ણાટકની કાંજીવરમ સાડી, બિહારની મધુબની સાડી, ભાગલપુરનું સિલ્ક ડ્રેસ મટીરીયલ, હરીયાણાનું હોમ ફર્નિશીંગ હોલરીક, કાશ્મીર તથા હેન્ડલૂમની બીજી વસ્તુઓનો ખજાનો
પ્રવેશ ફ્રી
સમય સવારે ૧૧ થી સાંજના ૬
ડેબિટ કાર્ડ / ક્રેડીટ કાર્ડ સ્વીકાર્યા છે.
INDEXT-C Govt. of Gujarat Udyog Bhavan, Gandhinagar
Development Commissioner of Handicrafts Ministry of Textile Govt. of India, New Delhi
www.craftofgujarat.com

વર્ષ 2013 માં લેખિત ગેરંટીથી ક્લાર્ક / કોન્સ્ટેબલમાં નોકરી મેળવો
ગેરંટેડ બ્રિલિયન્ટ બેચ-2012
(ફક્ત ક્લાર્ક / કોન્સ્ટેબલ / તલાટી માટે જ)
ધો.12 પાસ કે તેથી વધુ લાયકાત ના ઉમેદવાર મિત્રો જાગો !
ડિસેમ્બર-2013 સુધીમાં 100% લેખિત ગેરંટીથી ગુજરાત સરકારમાં ક્લાર્ક/કોન્સ્ટેબલ/તલાટીની નોકરી મેળવો
8000+ થી વધુ જગ્યાઓ... ફૂંક સમાન પ્રસિધ્ધ બને
31.12.2013 સુધીમાં ગુજરાત સરકારની વર્ગ-3ની ભરતીમાં 100% સફળતાની ગેરંટી નપાસ થયાથી ફી 100% પરતની લેખિત ગેરંટી !
વર્ગ શરૂ થવાની તા. 29.11.2012
પ્રવેશ ફક્ત તા. 2.10.2012 થી 15.10.2012 સુધી
ફક્ત મહેસાણા-ગાંધીનગર શાખા માટે જ
બ્રિલિયન્ટ બેચ-2013
ફી માત્ર ₹ 99000/- ₹ 98000/-
વર્ષ 2012-13માં ગુજરાત સરકારમાં નોકરી અંગેની ભરતી!
8000+ થી વધુ ક્લાર્ક / કોન્સ્ટેબલ / તલાટી / PSI / Dy.SO / નાયબ મામલતદાર ની ભરતી ટૂંક સમયમાં !!
1350+ જગ્યાઓ! Dy. SP/DC/મામલતદાર/TDO/SO - GPSC
'TCCI' માં જ શિક્ષણ શા માટે?
શું આપ ધો.૧૨ પાસ છો ? તો ઉમેદવાર મિત્રો જાગો ! ભવિષ્યનો સવાલ છે !
માસ્ટર કોર્ષ-2012-13
ફી માત્ર ₹ 11000/- ₹ 14000/-
29.11.2012 થી વર્ગ શરૂ થશે
18.10.2012 પહેલાં પ્રવેશ મેળવી 'સૌથી ઓછી ફી'નો લાભ મેળવો... મનપસંદ બેચમાં પ્રવેશ મેળવો !!
TCCI EDUCATION PVT. LTD.
સૌથી ઓછી ફી... સર્વશ્રેષ્ઠ શિક્ષણ... ગુણવત્તા સભર સાહિત્ય
TCCI EDUCATION PVT. LTD.
19 વર્ષથી બોર્ડની અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....
18.11.2012 થી 26.11.2012 સુધી દિવાળી વેકેશન રહેશે
PALANPUR / PATAN / HIMMATNAGAR : 95740 04327, VISNAGAR 95740 04325 ☆ HELPLINE NUMBER : 95740 04327, 93287 14508

MILTON દિવાળી ધમાકા cello
થર્મોવેર એક્સચેન્જ ઓફર
જૂના વોટર જગ / બેગ, ફ્લાસ્ક, કેસરોલ, ટીફીન આપી અને મેળવો
30%ની છૂટ
ઓફર 'એક સામે એક'ના ધોરણે અને સ્ટોક હશે ત્યાં સુધી જ
વિમલ ટ્રેડિંગ કાં
બી-૧૦, ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સર્કલની પાછળ, સે.૨૫, ફોન નં. 23224547
જી-૩૪-૩૫, સુપર મોલ-૧, SBIની નજીક, ઈન્ફોસીટી, ફોન નં. 23213080

મોનસુન ધમાકા
જયપાન ગેસ ગીઝર
ગેસ ગીઝરમાં સૌથી જૂનુ અને જાણીતું નામ
- ૧ મીનીટમાં ૬ લીટર ગરમ પાણી
- હેવી હીટ એક્સચેન્જર
- ૨૦ મીનીટ ઓટોકટ ઓફ
- ઓવર હીટ કટ ઓફ
- સાઈલ્ક સ્ટોપ
- ઈન્સ્ટોલેશન ફ્રી
- સ્ટોક હશે ત્યાં સુધી જ
- ૧ વર્ષની સર્વિસ વોરંટી
MILTON ૧ લીટર બોટલ ₹.960 ફ્રી
વિમલ ટ્રેડિંગ કાં
બી-૧૦, ડીસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સર્કલની પાછળ, સે.૨૫, ફોન નં. 23224547
જી-૩૪-૩૫, સુપર મોલ-૧, SBIની નજીક, ઈન્ફોસીટી, ફોન નં. 23213080